**વંચાણે લીધા :** ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર નાઓના તા.૮/૭/૨૦૨૧ ના હુકમ ક્રમાંક : વિ–૧/કઅવ/૧૦૨૦૨૧/૧૦૪૦ અન્વયે.

**જાહેરનામું**

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૨૨/૨૦૨૧
તા. ૯/૭/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૧૨/૭/૨૦૨૧ ના રોજ નિકળનાર રથયાત્રા નિમિત્તે વાહન વ્યવહારનાં સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૨/૭/૨૦૨૧ નાં રોજ નીકળનાર જગન્નાથ મંદિરની ૧૪૪ મી નગર રથયાત્રા નિમિત્તે ગાયકવાડ હવેલી, ખાડીયા, કાલુપુર, શહેરકોટડા, માધુપુરા, દરીયાપુર, શાહપુર તથા કારંજ પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર કર્ફ્યુગ્રસ્ત જાહેર કરેલ હોય જેથી આ વિસ્તારમા તમામ પ્રકારના વાહન વ્યવહારની અવર–જવર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

તેમજ સરદાર બ્રિજ ફુલબજાર થી જમાલપુર ચાર રસ્તા, એસ.ટી સર્કલ, આસ્ટોડિયા દરવાજા, સારંગપુર સર્કલ, પોટલીયા ચાર રસ્તા, નિર્મલપુરા ચાર રસ્તા, મેમ્કો ચાર રસ્તા, અમદુપુરા બ્રિજ નીચે ત્રણ રસ્તા, ઇદગાહ સર્કલ, પ્રેમ દરવાજા, દિલ્હી દરવાજા, રાહત સર્કલ, ગાંધીબ્રિજ શંકરભુવન ઢાળ ટી, નેહરૂબ્રિજ રૂપાલી સિનેમા ત્રણ રસ્તા, એલીસબ્રિજ વિક્ટોરીયા ગાર્ડન થી ઉપર જણાવેલ પોલીસ સ્ટેશન વિસ્તારની હદમા પ્રવેશ કરી શકાશે નહી.

**વૈકલ્પિક માર્ગો :**

- નરોડા થી મેમ્કો તરફ થી આવતા વાહનો મેમ્કો ચાર રસ્તા થી ડાબી બાજુ વળી બાપુનગર રખિયાલ અમરાઈવાડી તરફના રોડ થઇ અવર જવર કરી શકશે.
- સોનીની ચાલી તરફ થી આવતા વાહનો રખિયાલ ચાર રસ્તા થી જમણી બાજુ વળી મેમ્કો તરફ તથા ડાબી બાજુ વળી ગોમતીપુર મણીનગર દાણીલીમડા તરફ અવર જવર કરી શકશે.
- નારોલ તરફથી આવતા વાહનો દાણીલીમડા થઇ આંબેડકરબ્રિજ થઇ આશ્રમ રોડ તરફ અવરજવર કરી શકશે.
- આશ્રમ રોડ તરફના વાહનો પશ્ચિમના રીવરફ્રન્ટના રોડનો ઉપયોગ કરી સુભાષબ્રિજ સર્કલ થઇ શિલાલેખ ચાર રસ્તા થઇ શાહીબાગ ડફનાળા એરપોર્ટ તરફ અવર જવર કરી શકશે તથા પશ્ચિમના રીવરફ્રન્ટનો રોડનો ઉપયોગ આંબેડકરબ્રિજ થઇ દાણીલીમડા ગોમતીપુર મણીનગર તરફ અવર જવર કરી શકશે.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૨/૭/૨૦૨૧ ના સવાર કલાક ૦૫.૦૦ થી રથયાત્રા પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

**અપવાદ :** આ જાહેરનામું ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને લાગું પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯ /૭/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૯ /૭/૨૦૨૧
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી,અ.મ્યુ.કો., દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.